DUET (ડીયુઈટી) સંસ્કરણ 2

# તમારું નવું સ્માર્ટ એનર્જી ડિસ્પ્લે




તમારા ઊર્જાના વપરાશને પાઉન્ડ્સ અને પેન્સમાં જુઓ

# તમારી ઊર્જાને જોવા માટે ની વધુ સ્માર્ટ પદ્ધતિમાં આપનું સ્વાગત છે

**હવે તમને તમારા સ્માર્ટ મીટર(રો) મળી ગયા છે, તમારી ઊર્જાના વપરાશને પાઉન્ડ્સ અને પેન્સમાં જોવાનો સમય આવી ગયો છે. તમારું સ્માર્ટ એનર્જી ડિસ્પ્લે તમે કેટલો ઉપયોગ કરી રહ્યાં છો તે દર્શાવશે અને તમે ક્યાં ઊર્જા અને પૈસા બચાવશો તે નક્કી કરવામાં તમારી મદદ કરશે.**




આ પુસ્તિકા પણ તમને મદદરૂપ થશે:

- તમારા સ્માર્ટ એનર્જી ડિસ્પ્લેને જાણો
- જુઓ કેટલી ઊર્જાનો તમે વપરાશ કરી રહ્યા છો
- તમારી ઊર્જા કાર્યક્ષમતામાં સુધારો લાવવાના માર્ગો શોધો
- વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નોના જવાબ આપો

## અમે તમને જણાવી રહ્યા છીએ

તમારું સ્માર્ટ એનર્જી ડિસ્પ્લે તમને દર્શાવશે કે તમે કેટલી ઊર્જાનો વપરાશ કરી રહ્યા છો તેમજ તેનો ખર્ચ કેટલો થાય છે. તેથી એક નજરમાં, તમને ખ્યાલ આવશે કે કિટલીમાં ઉકાળવાનો, સ્નાન કરવાનો અથવા ટીવી જોવાનો કેટલો ખર્ચ થશે.

# તમારા સ્માર્ટ એનર્જી ડિસ્પ્લેને જાણો

**તમારા ડિસ્પ્લેનું સેટ-અપ થઈને વપરાશ માટે તૈયાર હોવું જોઇએ, પરંતુ કૃપા કરીને આ વાંચવા માટે થોડી મિનિટનો સમય આપશો, જેથી તમે કી સ્ક્રીન અને અગત્યની સુરક્ષા માહિતી વિશે જાણી શકો.**

1 હોમ બટન
2 ઇલેક્ટ્રિસિટીના વપરાશ માટેનું ઇન્ડિકેટર

### ટોચની સ્ક્રીન

3 ઇલેક્ટ્રિસિટીના ટેરિફના આઇકોનો
4 ઇલેક્ટ્રિસિટીનો વપરાશ
5 ગેસનો વપરાશ
6 ગેસ ટેરિફના આઇકોનો
7 ઇલેક્ટ્રિસિટીનું રીડિંગ
8 ગેસ રીડિંગ
9 નવા સંદેશાનું ઇન્ડિકેટર

### બોટમ સ્ક્રીન

10 નેવિગેશન બટન લેબલ્સ
11 ડાબા, વચ્ચેના અને જમણાં બટનો




**કૃપા કરી માહિતગાર રહેશો કે તમારા ડિસ્પ્લે પર દર્શાવેલ ઇલેક્ટ્રિસિટીનું મૂલ્ય દર 10 સેકન્ડે અપડેટ થાય છે અને ગેસ દર 30 મિનિટે અપડેટ થાય છે.**

કૃપા કરીને નોંધ લેશો કે, તમારા ડિસ્પ્લે પર દર્શાવેલ ખર્ચા તમારે કેટલી ચુકવણી કરવાની થશે તેના સંકેત પૂરા પાડે છે. તે પાઉન્ડ્સ અને પેન્સમાં દર્શાવવામાં આવે છે અને તે તમારા વર્તમાન ટેરિફ પર આધારિત છે. તેમાં VAT (વેટ) સામેલ છે, પરંતુ તમને મળી શકે તેવા કોઇપણ ડિસ્કાઉન્ટને ધ્યાનમાં લેતા નથી.

# જુઓ કેટલી ઊર્જાનો તમે વપરાશ કરી રહ્યા છો

## શરૂઆત કરો

**જ્યારે ડિસ્પ્લે થોડો સમય માટે સ્થાયી થાય છે ત્યારે, અથવા જ્યારે તમે હોમ બટન દબાવો છો ત્યારે તમે આ હોમ વ્યુ જોઇ શકશો.**




**1** આ **ઇલેક્ટ્રિસિટીના વપરાશ માટેનું ઇન્ડિકેટર** તમને ત્વરિત નજરે દર્શાવે છે કે તમારો ઊર્જાનો વપરાશ નીચો, મધ્યમ અથવા ઊંચો છો કે કેમ.

 **નીચું**  **મધ્યમસર**  **ઉચ્ચ**

તમારું એનર્જી ડિસ્પ્લે ઘરમાં મધ્યમ ઊર્જા વપરાશ માટે ડિફૉલ્ટ તરીકે સેટ કરેલ છે. આને સેટિંગ્સમાંથી **રિસેટ કરી શકાય છે** મેનુ હેઠળ **વપરાશ સ્તર**.

**2** આ **ટોચની સ્ક્રીન** તમારા વર્તમાન ઊર્જાના વપરાશને દર્શાવે છે અને **બોટમ સ્ક્રીન** સમય દર્શાવે છે અને આજની તમારી ઊર્જાનો કુલ ખર્ચ પણ દર્શાવે છે.

**3** **વધુ જાણવા માટે**

ડિસ્પ્લેના બોટમ પર તમે 3 બટનો જોઇ શકશો તેના ઉપર શું લખેલ છે તેના આધારે દરેક કાર્ય કરશે. આવા કિસ્સામાં વચ્ચેનું બટન દબાવવાથી તમે વધુ સ્ક્રીનો અને વધુ કાર્યો જોઇ શકશો.






**4** **અહીં ટોપ સ્ક્રીન સ્પીડોમીટર જેવી છે**

ઉપરનો કાંટો તમારો અત્યારનો ઇલેક્ટ્રિસિટીનો વપરાશ દર્શાવે છે, લીલામાંથી ઍમ્બર, થી લાલ એમ કેટલો વપરાશ તમે કરી રહ્યા છો તેના આધારે બદલાય છે અને આ દર 10 સેકન્ડે અપડેટ થાય છે.નીચેનો કાંટો, બ્લૂ બાર્સ, તમે ગેસનો કેટલો વપરાશ કરી રહ્યા છો તે દર્શાવે છે અને દર 30 મિનિટે અપડેટ થાય છે.






**5** **આબોટમ સ્ક્રીનઆજના દિવસની તમારી ઊર્જાનો વપરાશ દર્શાવે છે.**

ડિસ્પ્લેના બોટમ પરના બટનો, હવે દર્શાવે છે **દબાવવાથી** , **મેન્યૂ** અને **યુનિટ**.







**6** **યુનિટ બટન**

અવધિ બટન **દબાવવાથી** તમે ઇલેક્ટ્રિસિટી અને ગેસનો વપરાશ ક્યાં તો Kwh અથવા £ & pમાં જોઇ શકશો અને આનાથી ટોપ અને બોટમ બન્ને સ્ક્રીનોમાં ફેરફાર થશે.




**7** **અવધિ બટન**

અવધિ બટન **દબાવવાથી** કેવી રીતે તમે બોટમ સ્ક્રીન જોઇ શકો તે બદલી શકશો અને તમારી ઊર્જાનો વપરાશ જોઇ શકશો **આજે,** આ**અઠવાડિયું** અથવા **આ મહિનો**.

જો તમે સતત આ બટન દબાવી રાખશો તો તમે તમારી ઊર્જાના વપરાશનો ગ્રાફ તરીકે ડિસ્પ્લે જોઇ શકશો.




**8** **મેન્યૂ બટન વધુ લાક્ષણિકતાઓ ખોલે છે**

આમાં સમાવેશ છે: **નિદર્શન** મોડ જ્યાં તમે જુદાં જુદાં કાર્યોનો પ્રયાસ કરી શકો છો. તેમાં **ટૅરિફ** તમે તમારા વર્તમાન ટૅરિફ જોઇ શકશો અને **રિસેટ કરી શકાય છે** તમે વપરાશના સ્તરો, ચેતવણી વોલ્યુમ અને બૅકલાઇટ જેવી વસ્તુઓ બદલી શકો છો. સંદેશાઓ **પસંદ કરવાથી** તમારા કોઈ સંદેશાઓ હોય તે જોઇ શકશો.

(**મીટર બૅલેન્સ** ખાસ કરીને માસિક બિલ ભરતા ગ્રાહકો માટે છે – માસિક બિલિંગ ચક્રના આધારે વપરાશ દર્શાવે છે અને કૅલેન્ડર મહિનાના આધારે નહીં)

# તમારી ઊર્જા કાર્યક્ષમતામાં સુધારો કરો

## તમારા પૈસા બચાવવામાં મદદરૂપ થવા તમારા સ્માર્ટ મીટરનો ઉપયોગ કરો

તમારું સ્માર્ટ એનર્જી ડિસ્પ્લે તમને તમારા ઘરમાં ઊર્જા વિશે વધુ માહિતગાર કરવામાં મદદ કરવા માટે રચાયેલ છે. તમે સામાન્ય કરતાં વધુ અથવા ઓછી ઊર્જાનો ઉપયોગ કરી રહ્યા છો તે ઓળખવાનું સરળ બનાવે છે, જે તમને વધુ ઊર્જા કાર્યક્ષમ ઘર બનવામાં સહાય કરે છે.

### 1 તમારો માનક ઊર્જા વપરાશ કેટલો છે તે શોધી કાઢો

ફક્ત તેવા જ ઇલેક્ટ્રિક ઉપકરણો જે તમામ સમયે ચાલુ રહેતા હોય જેમ કે તમારું ફ્રિઝ તેની સાથે તમારું ડિસ્પ્લે જુઓ, આ તમને તમારા ઇલેક્ટ્રિસિટીના માનક સ્તર દર્શાવશે.

### 2 તમારા ઇલેક્ટ્રિક ઉપકરણના વપરાશનો ખર્ચ કેટલો આવે છે તે જુઓ

તમે ઇલેક્ટ્રિક ઉપકરણોને ચાલુ અને બંધ કરવાના પ્રયોગ દ્વારા તમારા 'ઇલેક્ટ્રિસિટીના વપરાશના માનક સ્તર'ને એક વખત જાણો. તમારા એકંદર ઊર્જાના વપરાશ પર દરેકનો શું પ્રભાવ છે અને તેઓને ચલાવવામાં કેટલો ખર્ચ થશે તે તમે સરળતાથી જોવા સક્ષમ હશો.

સમય જતાં તમે કેવી રીતે તમારા ઊર્જાના વપરાશને ઘટાડવો અને પૈસા બચાવવા વિશેના માહિતીપ્રદ નિર્ણયો લેવા સક્ષમ હશો.

## અમારી ટોચની ઊર્જા બચત ટિપ્સ*

તમે તમારા ઊર્જાના વપરાશને કેવી રીતે ઘટાડી શકો છો તેના પર ઘણી ટિપ્સ અને સૂચનો છે. શરૂઆત કરવા માટે અહીં થોડીક ટિપ્સ આપેલ છે. તમારા ઘરને વધુ ઊર્જા કાર્યક્ષમ કેવી રીતે બનાવવું તે માટે વધુ સલાહ લેવા, **Npower.com/energyefficiency પર જાવ** અથવા ઊર્જા કાર્યક્ષમતા અંગે વધુ સ્વતંત્ર માહિતી માટે કૃપા કરીને **Energysavingtrust.org.uk ની મુલાકાત લો**

**સ્વિચ ઑફ સ્ટેન્ડ બાય:** ફક્ત ઉપકરણોને સ્ટેન્ડ-બાય મોડમાં બંધ કરવાનું યાદ રાખીને વર્ષે લગભગ £30 બચાવો. લગભગ તમામ ઇલેક્ટ્રિકલ અને ઇલેક્ટ્રોનિક ઉપકરણોને પ્લગ સોકેટ પર તેમના પ્રોગ્રામિંગને અપસેટ કર્યા વિના બંધ કરી શકાય છે.

**એલઈડી ઉપકરણો પર ફેરબદલ કરો:** એલઈડી સ્પોટલાઇટ્સ ખરીદી શકાશે જે હેલોજનને બદલવા માટે પર્યાપ્ત પ્રમાણમાં તેજસ્વી છે અને ચલાવવાનો ખર્ચ ઓછો થાય છે. ઉદાહરણ તરીકે એક લાક્ષણિક હેલોજન બલ્બનો ખર્ચ વર્ષે £ 8.24 છે જેની સરખામણીમાં એલઈડી લાઇટનો ખર્ચ £ 1.71 છે અને તેઓ આશરે 12 ગણા જેટલા લાંબા ચાલે છે.

**સ્નાન કરવામાં ઓછો સમય ગાળો:** પ્રત્યેક દિવસ સ્નાન કરવામાં એક મિનિટ ઓછી ગાળવાથી વ્યક્તિ દીઠ, પ્રત્યેક વર્ષે ઊર્જા બિલોમાં £10 ની બચત કરી શકાશે. પાણીના મીટર સાથે આથી વધુમાં £ 15 વાર્ષિક પાણી અને ગટરોના બિલોમાં બચત કરી શકાશે. જો ચાર વ્યક્તિના પરિવારમાં દરેકે આ કર્યું હોય તો તે વર્ષે £100ની કુલ બચત તરફ દોરી જઈ શકે છે.

**શ્રેષ્ઠ હિટિંગ:** ફ્યુઅલ બિલ પર ખર્ચવામાં આવેલા અડધા કરતા વધુ પૈસા હિટિંગ અને ગરમ પાણી પૂરું પાડવામાં જાય છે. પ્રત્યેક ડિગ્રી જે થર્મોસ્ટેટમાં 21 થી ઉપર જાય છે તે તમારા ગેસ બિલ પર વધારાના 10% ઉમેરી શકે છે.

*સ્ત્રોત: ઊર્જા બચત ટ્રસ્ટ (Energy Saving Trust ) 2014

# સામાન્ય પ્રશ્નોના જવાબો

**પ્ર. જ્યારે હું મારા સ્માર્ટ એનર્જી ડિસ્પ્લેને પાવર પુરવઠા સાથે જોડીશ ત્યારે શું થશે?**

**એ.** એક વખત તમે તમારા સ્માર્ટ એનર્જી ડિસ્પ્લેને મુખ્ય પાવર સપ્લાય સાથે કનેક્ટ કરી લો, પછી તમારા ડિસ્પ્લેની નીચલી સ્ક્રીન એક સંદેશ બતાવશે જે એવું વંચાય છે કે 'સ્માર્ટ મીટર સાથે કનેક્ટ થઈ રહ્યું છે'. ડિવાઇસ સ્વયંચલિત રીતે કનેક્ટ થાય તે પૂર્વે તે આશરે 10 મિનિટ લઇ શકે છે.

તમારા ડિસ્પ્લેની સફાઇ કરતા પૂર્વે હંમેશા પાવર સપ્લાયનું જોડાણ કાઢી નાખવું.

**પ્ર. જો પાવર કાપવામાં આવે તો, શું હું મારા ડિસ્પ્લે પરની માહિતી ગુમાવીશ?**

**એ.** ડિસ્પ્લે દ્વારા વપરાશ થતી માહિતી સ્માર્ટ મીટર(રો) ની અંદર સંગ્રહિત હોય છે, જેથી પાવર જાય તો પણ તેને ગુમાવી શકાશે નહીં.

**પ્ર. તમે મારો વ્યક્તિગત ડેટા કેટલી વાર એકત્રિત કરશો?**

**એ.** કેટલી વાર તમારા રીડિંગ્સ અમને મોકલવામાં આવે તે તમે પસંદ કરી શકો છો. સિવાય કે તમે અમને અન્યથા જણાવ્યું હોય, અમે રોજિંદા ધોરણે તમારા રીડિંગ્સ લઈશું. આ અમને ખાતરી કરવામાં સહાય કરે છે કે તમારું બિલ શક્ય તેટલું ચોક્કસ છે. અમારી ડેટા પૉલિસી જુઓ **npower.com/knowmore**

**પ્ર. જો હું ઊર્જા સપ્લાયર બદલાવું તો મારું સ્માર્ટ એનર્જી ડિસ્પ્લે કાર્ય કરશે?**

**એ.** તે તમે કયા સપ્લાયર પર બદલાવો તેના પર અને તેઓની સ્માર્ટ મીટર નીતિઓ અને ક્ષમતાઓ પર આધાર રાખે છે. તમે બદલાવો તે પૂર્વે તેમની સાથે ચકાસો.

**પ્ર. મારા સ્માર્ટ એનર્જી ડિસ્પ્લેને ચલાવવામાં કેટલો ખર્ચ થાય છે?**

**એ.** મુખ્ય પુરવઠા સાથે જોડાયેલ ડિસ્પ્લે સાથે અને તેના ડિફૉલ્ટ સેટિંગ્સમાં સેટ અપ કર્યા મુજબ સામાન્ય સંચાલન પરિસ્થિતિઓ હેઠળ ચલાવવામાં અઠવાડિયે આશરે 2 પેન્સનો ફક્ત ખર્ચ આવે છે.

**પ્ર. જો મારું સ્માર્ટ એનર્જી ડિસ્પ્લે ખામીયુક્ત હોય તો શું થશે?**

**એ.** જો તમારા સ્માર્ટ એનર્જી ડિસ્પ્લેમાં પ્રથમ 12 મહિનાની અંદર ખામી સર્જાય તો અમે વિના મૂલ્યે તેનું સમારકામ કરી આપીશું અથવા બદલી આપીશું. જો તમને લાગે કે તમારું ડિસ્પ્લે તૂટી ગયેલ છે તો, આ માર્ગદર્શિકાના પાછળના પાના પરના નંબરો પૈકી એક પર અમને ફોન કરવો.

**પ્ર. જો મારા સ્માર્ટ મીટર(રો)માં ખામી હોય તો શું થશે?**

**એ.** જો તમને તમારા સ્માર્ટ મીટર(રો)માં ખામી જોવા મળે તો, વિના મૂલ્યે અમે એનું સમારકામ અથવા બદલી આપીશું. જો તમને લાગે કે તમારા સ્માર્ટ મીટર(રો)માં ખામી છે તો, આ માર્ગદર્શિકાના પાછળના પાના પરના નંબરો પૈકી એક પર અમને ફોન કરવો.

**તમારા મીટર રીડિંગની ચકાસણી:**

તમારા સ્માર્ટ મીટર(રો) સ્વયંચલિત રીતે અમને તમારા રીડિંગ્સ મોકલી આપશે. તેમ છતાં, જો તમે તેને જોવા ઇચ્છતા હોવ તો, તમે સેટિંગ્સ મેન્યૂની અંદર એડવાન્સ્ડ સેટિંગ્સમાંથી કરી શકો છો - અથવા તમે મીટરમાંથી જ રીડિંગ જોઇ શકો છો.

# મુશ્કેલીનિવારણ

## શું તમારું ડિસ્પ્લે ચાલુ છે પરંતુ કોઇપણ ઊર્જા માહિતી દર્શાવતું નથી?

તમારા ડિસ્પ્લેને તમારા સ્માર્ટ મીટર(રો)ની પાસે ખસેડવાનો પ્રયાસ કરો, જો સમસ્યાઆવે તો, કૃપા કરી અમારી હેલ્પલાઇનનો સંપર્ક કરો.

જો સ્માર્ટ મીટરનું નેટવર્ક ખોવાયું હોય તો તે દર્શાવશે **સ્માર્ટ મિટર સાથે કનેક્ટ કરવું...** ડિવાઇસને બંધ કરો અને ફરીવાર તેને ચાલુ કરો. તમારું સ્માર્ટ એનર્જી ડિસ્પ્લે 10 મિનિટમાં આપોઆપ રિસેટ થઈ જશે અને નેટવર્ક કનેક્શન સાથે સામાય રીતે ફરી શરૂ થઈ જશે.

## ટેકનિકલ અને સુરક્ષા ભાગ

આ ઉત્પાદનો આશય ઘરેલુ અથવા નાની ઓફિસના વાતાવરણમાં ઉપયોગ કરવા માટેનો છે. તે આઉટડોર વપરાશ માટે યોગ્ય નથી.

તમારા સ્માર્ટ એનર્જી ડિસ્પ્લે ફ્રિસ્ટેંડિંગ અથવા દિવાલમાં લગાડીને એમ બન્ને રીતે ઉપયોગમાં લેવા માટે રચાયેલ છે. દિવાલમાં લગાડવા માટે, ડિસ્પ્લેનો પાછળનો ભાગ દૂર કરો અને 8 નંબરના એક સેલ્ફ-ટૅપિંગ સ્ક્રૂ વડે સપાટ સપાટી પર સુરક્ષિત રીતે ઊભું રાખો.

| | |
|---|---|
| **સપ્લાય વોલ્ટેજ** | 240Vac, 50Hz |
| **ઓપરેટિંગ વોલ્ટેજ** | 5Vdc અથવા 3x AAA આલ્કલાઇન બૅટરીઓ |
| **બૅટરીનો વપરાશ** | બૅટરીઓનો ઉપયોગ ફક્ત હંગામી ધોરણે જ કરવો જોઈએ અને સ્માર્ટ એનર્જી ડિસ્પ્લેને મુખ્ય પુરવઠા સાથે જોડો તે પૂર્વે બૅટરીને દૂર કરવાની રહેશે. **રિચાર્જ કરી શકાય તેવી બૅટરીઓનો ક્યારેય વપરાશ કરવો નહીં.** |
| **ઓપરેટિંગ પાવર** | < 0.6W |
| **ઓપરેટિંગ તાપમાન** | 0 થી 40°C |
| **ઓપરેટિંગ આર્દ્રતા** | 0 થી 85% નોન-કન્ડેન્સિંગ (બિન-સંઘન્યતા) |

# સલામતી સૂચના

**આ ઉત્પાદનો ઉપયોગ કરતી વખતે કેટલીક સરળ સુરક્ષા સાવચેતીઓનું ધ્યાન રાખવું મહત્વપૂર્ણ છે. ઉત્પાદક દ્વારા સ્પષ્ટ કરેલ ન હોય તે રીતે જો ઉપયોગમાં લેવામાં આવે, તો તમારા સ્માર્ટ એનર્જી ડિસ્પ્લેના સલામત સંચાલનને હાનિ પહોંચે છે.**

સ્માર્ટ એનર્જી ડિસ્પ્લેને પાણી અને અન્ય પ્રવાહીઓથી દૂર રાખો. સફાઈ (ફક્ત મુલાયમ, સૂકા કપડાથી) કરતા પૂર્વે મુખ્ય પાવર પુરવઠાથી જોડાણ કાઢી નાખવું. પાણી અથવા અન્ય પ્રવાહીમાં બોળવું નહીં. જો કોઇપણ ઘટકો નુકસાન પામેલ અથવા ખામીયુક્ત જણાય તો, કૃપા કરીને તમારા સપ્લાયરનો સંપર્ક કરશો.

તમારા સ્માર્ટ એનર્જી ડિસ્પ્લે ફક્ત ઇન્ડોર, ઘરેલું વાતાવરણમાં ઉપયોગ કરવા માટે જ રચાયેલ છે.

રિચાર્જ કરી શકાય તેવી શકાય તેવી બૅટરીઓ ફિટ કરવી નહીં અને મુખ્ય પાવર પુરવઠા સાથે જોડાણ કરતા પૂર્વે હંમેશા બૅટરીઓ દૂર કરો.

પર્યાવરણને સુરક્ષિત રાખવા માટે, આ ઉત્પાદ અને તેની બૅટરીઓનો તેની સમાપ્તિના અંતે સલામત રીતે નિકાલ કરવાનો રહેશે.

આ ઉત્પાદ સીઇ (CE) માન્યતા પ્રાપ્ત છે.

આ ઉત્પાદ રિસ્ટ્રિક્શન ઑફ હેઝર્ડસ સબસ્ટન્સ ડિરેક્ટિવ (RoHS) રેગ્યુલેશન્સનું અનુપાલન કરે છે.

# અમારો સંપર્ક કરો

## તમારા સ્માર્ટ મીટર(રો) વિશે વધુ જાણવા માટે:

મુલાકાત
**npower.com/knowmore**

જો તમને કોઇપણ પ્રશ્નો હોય તો, કૃપા કરીને સંપર્કમાં રહેશો. અમને મદદ કરવામાં આનંદ થશે.

**0800 980 9907** અથવા **0330 100 8137**

(સામાન્યપણે તમામ લેન્ડલાઇન અને મોબાઇલ પરથી નિ:શુલ્ક છે)

(મોબાઇલની કોઇપણ ‘ઇન્ક્લૂસિવ મિનિટ્સમાં સમાવિષ્ટ કરાયેલ)

સોમવાર થી શુક્રવાર સવારે 8 થી સાંજે 8, શનિવારે સવારે 8 થી સાંજે 6

## તમારા સ્માર્ટ મીટર પાસેથી વધુ મેળવવું

સ્માર્ટ મીટર તમારા મીટર રીડિંગ અમને સ્વયંચલિત રીતે મોકલી આપે છે અને જેટલા વધુ વારંવાર અમે તમારા એનર્જી ડેટા એકત્રિત કરીશું, તેટલા વધુ અમે તમને તેને સમજવામાં મદદ કરી શકીશું. સિવાય કે તમે અમને અન્યથા જણાવ્યું હોય, અમે દરરોજ રીડિંગ્સ લઈશું, પરંતુ જો તમે અડધા કલાક પર અપગ્રેડ કરો, તો તમે તમારા વિશિષ્ટ ઊર્જાના ઉપયોગને આધારે ઑનલાઇન સાધનો, અહેવાલો અને સલાહને ઍક્સેસ કરી શકો છો - જે તમને ઊર્જા અને પૈસા બચાવવા માટે મદદ કરશે.

**npower.com/activatesmart**
પર તમારું ઑનલાઇન એકાઉન્ટ સક્રિય કરો.

જ્યારે અમે સ્માર્ટ મીટર ઇન્સ્ટૉલ કરીએ છીએ ત્યારે અમે ઓફજેમ (Ofgem) માન્યતા પ્રાપ્ત સ્માર્ટ મીટર ઇન્સ્ટૉલેશન કોડ ઓફ પ્રેક્ટિસ મુજબ કાર્ય કરીએ છીએ. આ npower.com/smicop પર જોઇ શકાય છે

**ફોન કૉલ્સ:** અમે સુરક્ષા, ગુણવત્તા અને તાલીમના હેતુઓ માટે કૉલ્સને મોનિટર અને/અથવા રેકૉર્ડ કરીએ તેમ બની શકે છે. અમને 0800 નંબર પર કૉલ કરવો તમામ મોબાઇલ અને સામાન્ય રીતે તમામ લેન્ડલાઇન પરથી નિ:શુલ્ક છે. 0330 નંબર પર અમને કૉલ કરવાથી તમને 01 અથવા 02 નંબરો પર મોબાઇલ અને લેન્ડલાઇન નંબર પરથી કૉલ કરતા લાગતા ખર્ચથી વધુનો ખર્ચ થશે નહીં. જો તમે તમારા પૅકેજ સાથે ‘ઇન્ક્લૂસિવ (સમાવેશક) મિનિટ્સ’ પ્રાપ્ત કરતા હોવ, તો 0330 નંબર પર કૉલ કરવા એ આનો એક ભાગ હશે.

ના દ્વારા રચાયેલ અને ઉત્પાદિત: ગ્રીન એનર્જી ઑપ્શન્સ લિમિટેડ., 3 સેંટ મેરી કોર્ટ, મેઇન સ્ટ્રીટ, હાર્ડવિક, કેમ્બ્રિજ CB23 7QS, યુકે.
આ એકમનું પરીક્ષણ કરવામાં આવ્યું છે અને નીચેના માનકો સાથે અનુકૂળ છે: EN 300 328 V1.7.1 | EN 301 489-1 V1.8.1 | EN 301 489-3 V1.4.1 | EN 61010-1

એનપાવર એક રજિસ્ટર થયેલ ટ્રેડમાર્ક છે અને એનપાવર લિમિટેડ (ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રજિસ્ટર થયેલ નંબર 3653277) અને એનપાવર ગેસ લિમિટેડ (ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રજિસ્ટર થયેલ નંબર 2999919) સહિતની સંકળાયેલ કંપનીઓનું ટ્રેડિંગ નામ છે. એનપાવર નોર્થર્ન લિમિટેડ (ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રજિસ્ટર થયેલ નં 3432100), એનપાવર નોર્થન સપ્લાય લિમિટેડ (ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રજિસ્ટર થયેલ નંબર 2845740), એનપાવર યોર્કશાયર લિમિટેડ (રજિસ્ટર થયેલ નં 3937808) અને એનપાવર યોર્કશાયર સપ્લાય લિમિટેડ (ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રજિસ્ટર થયેલ નંબર 4212116). રજીસ્ટર થયેલ કાર્યાલય: વિન્ડમિલ હિલ બિઝનેસ પાર્ક, વ્હાઇહિલ વે, સ્વિન્ડન, વિલ્ટશાયર, SN5 6PB.

npm14117/MM20415/05.17